


જીવન સરગમ
બિન્દુબેન કચરા

# થોડાનો આભાર માની ઘણું મેળવીએ..

આ જે પણ હું મારા એક ટીચરને યાદ કરું છું. તે મને ખૂબ પ્રિય હતાં. જીવનની નાનામાં નાની વાતને ખૂબ સુંદર રીતે સમજાવતાં અને મનને આનંદથી ભરી દેતાં. એમની વાતો સાંભળવા અને માનવાથી એક અનોખો સંતોષ મળતો હતો.

એમણે સૌથી પહેલી વાત અમને એ શીખવી હતી કે જ્યારે પણ પાણી પીઓ ત્યારે એ પ્રવાહને યાદ કરો. જ્યાંથી પાણી આવ્યું છે તે સ્ત્રોત તમારા જીવનને કેવું હર્યુંભર્યું રાખે છે અને ખાસ તો તમારી તૃષા છીપાવે છે. તો તેનો સૌથી પહેલાં સવારે ઊઠીને આભાર માનો. સાથે અમારા શિક્ષક એવું પણ ઇચ્છતા હતા કે તમે કુદરતની દરેક બક્ષિસનો છે. સુરેશ દલાલે આ પંક્તિમાં કેટલી સુંદર વાત કરી છે...

'હું કેટલાનો ઋણી છું
જન્મ આપનાર માતાથી માંડીને,
હું જ્યારે દેહમાંથી ખસી જઇશ,
ત્યારે મારા દેહને સ્મશાને પહોંચાડનાર સૌનો ઋણી છું.'

માતાપિતા, ગુરુ, આડોશપાડોશ, સગાંસંબંધી, મિત્રો વગેરેના આપણે કેટલા બધા ઋણી છીએ અને આપણા ઇષ્ટદેવનાં પણ કે જે હંમેશ આપણને મુસીબતમાંથી ઉગારે છે. સાચો રાહ બતાવે છે. તેથી દિવસમાં આપણે ઘણી વાર બોલતા હોઇએ છીએ 'થેન્ક ગોડ'!

**ઋણ સ્વીકાર! આ એક એવો અદ્‌ભુત ગુણ છે કે, જો એ આત્મસાત્ થઇ જાય તો જીવનનો વિકાસ એનાથી થઇ શકે. ઋણ સ્વીકાર એટલે? કોઇએ આપણી પ્રતિકૂળતાના સમયે સંપત્તિની સહાય કરીને આપણા પર ચડાવેલા સંપત્તિના ઋણનો સ્વીકાર તો ખરો જ કે કાર્યની સહાય કરીને આપણા ખરાબ સંજોગોમાં મનને શાતા આપી અટકતા કાર્યને વેગવાન બનાવ્યું હોય એવી વ્યક્તિનો મનથી આભાર માનવો જ રહ્યો. આભાર માની ઘણું મેળવીએ**

આભાર માનો. આપણે બધાં ધરતી, પવન, પાણી, સૂર્ય, ચંદ્ર, તારા, નદી, પહાડો, વૃક્ષો પ્રકૃતિનાં કેટલાં બધાં ઋણી છીએ.

ઋણ સ્વીકાર! આ એક એવો અદ્‌ભુત ગુણ છે કે, જો એ આત્મસાત્ થઇ જાય તો જીવનનો વિકાસ એનાથી થઇ શકે. ઋણ સ્વીકાર એટલે? કોઇએ આપણી પ્રતિકૂળતાના સમયે સંપત્તિની સહાય કરીને આપણા પર ચડાવેલા સંપત્તિના ઋણનો સ્વીકાર તો ખરો જ કે કાર્યની સહાય કરીને આપણા ખરાબ સંજોગોમાં મનને શાતા આપી અટકતા કાર્યને વેગવાન બનાવ્યું હોય એવી વ્યક્તિનો મનથી આભાર માનવો જ રહ્યો. આભાર માની ઘણું મેળવીએ.

આપણે અજાણ્યા પંથે જઇ ચડયા ને કોઇ સાચો માર્ગ દર્શાવે. આપણે એકદમ તૃષાતુર થયા હોઇએ અને તે સમયે આપણને કોઇ પાણીનો ગ્લાસ ધરે ત્યારે આપણાથી બોલાઇ જાય છે- 'થેંક્યુ' આ મેનર્સ છે. ઋણ સ્વીકારની જ એક નાનીશી પ્રક્રિયા છે.

આપણા જીવનના આરંભથી અંતિમ પ્રયાણ સુધીના તબક્કામાં કેટકેટલાનાં ઋણ સ્વીકારવા પડે સૌને દરરોજ પગે લાગી કૃતકૃત્ય થવું જોઇએ.

નરસિંહ મહેતાના ધર્મપત્ની માણેકબાઇને પિતાજીના શ્રાધ્ધનું નોતરું આપવા આવેલા મોટા ભાઇ નરસિંહ મહેતા વિશે ગમે તેમ બોલી ગયા.

આથી માણેકબાઇને ખોટું લાગ્યું. તેમણે પણ આ નિંદા સહન ન થતાં મોટા ભાઇને આવેશમાં આવી જઇ ન કહેવાના શબ્દો કહ્યા. કોઇના પર ક્રોધે ન ભરાનારા નરસિંહ મહેતા મહેતી પર ગરમ થતાં બોલ્યા ''મહેતી! તમને ખબર નથી મારા મોટા ભાઇ તો મારા બાપને ઠેકાણે છે. એને તમે સામાં વેણ કહ્યાં? મોટાભાઇ વડીલ છે, તેમના મારા પર કેટલા ઉપકાર છે. તમે આપણી કુળ પરંપરા તોડી છે. હું અત્યારે જ એમની પાસે ક્ષમા માંગવા જાઉં છું.''

સમજદાર વ્યકિત ચોક્કસ એમ વિચારે કે જેનો મારા પર ઉપકાર છે તેના પર અન્ય પ્રકારે ઉપકાર કરી ઋણ ચૂકવવું જોઇએ.

અમારી શેરીમાં રમતો નટુ ગરીબ માબાપનો દીકરો. પિતા રમણભાઇ કરિયાણાની દુકાનમાં નોકરી કરે. નટુની નાની એક બહેન વનિતા. ભાઇબહેન વચ્ચે જબરું હેત! નટુને રમકડાં રમવા બહુ ગમે. તેમાં મોટરગાડીનો બહુ શોખ. આડોશપાડોશની ગાડી રસ્તા પર પાર્ક થયેલી હોય તેના ઉપર છાનોમાનો હાથ ફેરવી લેતો. સ્વપ્નામાં ય એને શેવરોલેટ ને મર્સિડિઝ ગાડી દેખાતી. ગાડીના લેટેસ્ટ મોડેલ અને કિંમતની પણ એને ખબર હોય. એની બહેન વનિતા ખીજવાય. આવા શેખચલ્લીના વિચાર છોડ, બાપા પાસે તને રમકડાંની ગાડી આપવાના પણ પૈસા નથી. છતાં નટુ તો સવાર થાય ને સ્કૂલે જતાં જતાં રમકડાંની દુકાને ઊભો જ રહી જાય. પિતા રમણભાઇ જીવ બાળે. પણ શું કરે? તેઓ બંને ભાઇબહેનને દરિયાકિનારે ફરવા લઇ જાય. રેતીમાં જાતજાતનાં ઘર બનાવે અને તેમાં નટુ ગેરેજ ખાસ



બનાવે. પણ... ગેરેજમાં મૂકવા ગાડી ક્યાંથી લાવે? બિચારો નિરાશ થઇ જાય. પિતાજી એને બીજી વાત તરફ વાળે. ચાલો ચાલો શંખલાં, છીપલાં વણીએ. કોથળી ભરીને ઘરે લાવે. એક દિવસ દરિયેથી પાછા ફરતી વખતે બંને ભાઇબહેન રમકડાંવાળાની દુકાને ઊભા રહી ગયા. એમની પાસેની ખજાનાની કોથળી આપીને કહ્યું ''મને આ મોટર આપો ને!'' દુકાનદાર તાડૂકયો- ''શંખલા-છીપલાંમાં મોટરગાડી થોડી આવે? જાવ અહીંથી'' છતાં બંને જણાં ત્યાં જ ઊભાં રહ્યાં. દુકાનદારને દયા આવી. મોટર નટુના હાથમાં મૂકી. નટુ બહુ ખુશ ખુશ થઇ ગયો. પગમાં થનગનાટ આવ્યો. દોડતાં દોડતાં ઘરે જઇ બા-બાપુ, મિત્રોને ગર્વથી મોટર બતાવતો જાય, હરખાતો જાય. દુકાનદારનો એણે દિલથી આભાર માન્યો. દુકાનદારને લાગ્યું કે છોકરો હોનહાર છે. એણે નટુને ભણાવ્યો. એનો હાથ પકડી પગભર બનાવ્યો. દુકાન માંડી આપી. પોતાના દીકરા જેવો ગણી એની કાળજી લીધી. પછી તો નટુએ દુકાનદારની સહાયથી ખૂબ પ્રગતિ કરી. નટુ મિસ્ટર નટવરલાલ બની ગયો. બારણામાં ત્રણ ત્રણ ગાડી ઊભી છે પરંતુ નટુ દુકાનદાર કે તેણે આપેલી રમકડાંની મોટર ભૂલ્યો નથી. દરરોજ પોતાની દુકાને જતાં પહેલાં આ મોટરની પૂજા કરે છે અને દુકાનદારને પગે લાગી તેનો આભાર માની પોતાની દુકાન પર બેસે છે. આ છે ઋણ સ્વીકારની અને પ્રત્યુપકારની તત્પરતાની વૃત્તિની વિરલ ઘટના...!

કોઇ પણ નક્કર કામ થતું હોય તેની પાછળ કેટલી બધી વ્યકિતનો ફાળો હોય છે. એક શાળા શરૂ થતી હોય કે કોઇની ઓફિસનું ઉદ્દઘાટન હોય કે કોઇ પુસ્તકનું વિમોચન હોય કે મોટા પાયા પર કોઇ સાંસ્કૃતિક પોગ્રામ હોય, આનંદનો કાર્યક્રમ હોય કે મૃત્યુનો પણ એ કાર્યની પાછળ ઘણી બધી વ્યકિતનો ટેકો હોય છે. હાથ હોય છે અને તે અંગે દરેક પોગ્રામને અંતે આપણે ખાસ બધાનો આભાર માનવાની એક વિધિ યોજીએ છીએ. આ એક આપણો સુંદર શિષ્ટાચાર છે. આપણે આ શિષ્ટાચાર ચૂકીએ તો નગુણા કહેવાઇએ.

આપણે સૌ દેશનાં સંતાનો છીએ, જનની અને જન્મભૂમિ બંનેનું આપણા પર ખૂબ જ ઋણ છે. વસતિથી ઉભરાતા દેશોમાં નાગરિકોનો તો તોટો નથી પણ આંખમાં અમી, વાણીમાં સંસ્કાર, વર્તનમાં અદબ, સ્વભાવમાં નમ્રતા અને નિર્ભયતા, હૃદયમાં વિશાળતા અને ચારિત્યમાં નિષ્કલંકતા આ બધાનું ઉમદા રસાયણ જેમની જિંદગીના પ્યાલામાં એકત્ર થયું હોય, એવા નાગરિકોની વાટ તો દેશ તરસી નજરે જોતો હોય છે. એવા નાગરિક બની વિશ્વને સ્વર્ગીય ઉપવનમાં બદલી નાંખવાની અદમ્ય કામના રાખી માતૃભૂમિનું ઋણ ચૂકવીએ તેમાં જીવનની સુંદરતા છે. તો વાચકમિત્રો...! આવો આપણે પણ ઋણ સ્વીકારની અને ઋણ ચૂકવવાની વૃત્તિથી પ્રભાવિત થઇએ કારણ કે અંતઃકરણપૂર્વકનો ઋણ સ્વીકાર જીવન ઉન્નતિનું શ્રેષ્ઠ સોપાન છે. આભાર માનીએ પરમકૃપાળુ પરમાત્માનો, જેણે આપણને મૂલ્યવાન મનુષ્યદેહ આપ્યો છે, સુંદર જીવન આપ્યું છે.

### સુવર્ણરજ

'માનવો કયા શબ્દોમાં
આભાર આપનો,
આકાશથીયે વિશાળ છે
પ્રેમ આપનો,
બેચાર શબ્દોનાં ફૂલડાં કેમ વેરું?
જ્યાં મઘમઘે છે ગુલઝાર
આખો આપનો.'